જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૦૪/૨૦૨૧ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૭૦૮/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૯/૦૪/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૩૯૫ | ૪ | ૧૧૩૯૯ | ૧૭૫૧૫ | ૪ | ૧૭૫૧૯ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૦૬ | ૦ | ૪૭૦૬ | ૬૨૩૪ | ૦ | ૬૨૩૪ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૭૭ | ૦ | ૭૭ | ૨૮૭ | ૦ | ૨૮૭ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૩૬૦૮૮ | ૪૭૩ | ૩૬૫૬૧ | ૩૭૩૦૮ | ૪૬૨ | ૩૭૭૭૦ |
| કુલ | | ૫૨૨૬૬ | ૪૭૭ | ૫૨૭૪૩ | ૬૧૩૪૪ | ૪૬૬ | ૬૧૮૧૦ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૨૩ | ૭,૭૫,૪૫૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૬૨૫ | ૨૬,૨૫,૦૦૦/- |

# નાસતા-ફરતા આરોપીની અટકાયતની વિગત

## ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન

## અમદાવાદ ગ્રામ્ય ધોળકા તાલુકા પોલીસ સ્ટેશનના ચોરીના ગુન્હાના કામે નાસતા ફરતા આરોપીને પકડી પાડતો ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ

મે.પોલીસ કમિ.સા.શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિ.સા.શ્રી સેક્ટર-૦૧ તથા નાયબ પોલીસ કમિ.સા.શ્રી ઝોન-૩ તથા મદદનીશ પો.કમિ.સા.શ્રી "ઇ" ડીવીજન નાઓ તરફથી મિલ્કત સબંધી ગુન્હાઓ બનતા અટકાવવા તથા વણ શોધાયેલ ગુન્હાઓ શોધી કાઢવા તથા નાસતા ફરતા ઇસમોને અટક કરવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય જે બાબતે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર એસ.જે.બલોચ સા.શ્રી ના માર્ગદર્શન હેઠળ ગુન્હાઓ બનતા અટકાવવા સારૂ તેમજ ગુન્હાઓ શોધી કાઢવા કરેલ હુકમ અન્વયે સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ વી.એન.શીંગરખીયા સા.શ્રીની સુચનાથી અ.હેડ.કોન્સ દિલીપસિહ બળભદ્રસિહ બ.નં.૫૩૦૭ તથા સ્ટાફના માણસો પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન સાથેના અ.પો.કો યુવરાજસિંહ હન્દ્રપસિંહ બ.નં.૬૪૨૮ તથા અ.લો.ર. સુરેન્દ્રસિંહ અમૃતસિંહ બ.નં.૧૧૯૦ મળેલ બતામી હકિકત આધારે પોકોટકોપ મોબાઇલ તથા ઇ-ગુજકોપની મદદ થી આરોપી નામે ગુલામ સાબ્બીર નુરમોહમદ કુરેશી ઉ.વ.૨૮ ધંધો.ડ્રાયવીંગ રહે. નુરાની પાર્લરની બાજુમાં, ખાટકીવાડ, ખમાસ, અમદાવાદ શહેર નાઓ વિરૂધ્ધ અમદાવાદ ગ્રામ્ય ધોળકા તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં-A-૧૧૧૯૨૦૬૪૨૧૦૦૯૬/૨૦૨૧ ધી ઇ.પી.કો કલમ-૩૭૯, ૧૧૪ મુજબનો ગુન્હા દાખલ થયેલ હોય અને સદરી ગુન્હામાં તે પોતાની અટકાયત ટાળવા નાસતો ફરતો હોય જે મળી આવતા તા-૧૮/૦૪/૨૦૨૧ ના કલાક-૨૨/૧૦ વાગે સી.આર.પી.સી કલમ-૪૧(૧)(આઇ) મુજબ અટક કરી સદરી આરોપીને અમદાવાદ ગ્રામ્ય ધોળકા તાલુકા પોલીસ સ્ટેશન ખાતે સોપવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે.અને સારી કામગીરી કરવામાં આવેલ છે તા-૧૯/૦૪/૨૦૨૧



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૦૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬ કેસ કરી, ૫ વ્યક્તિઓને ઝડપી, ૨૪ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી, ૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૭૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૧૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૭૧૧/૨૦૨૧**

**નારણપુરાઃ** નૈનેશભાઈ કાંતીલાલ દેસાઈ (રહે.શ્રધ્ધાદીપ કોમ્પલેક્ષ શાસ્ત્રીનગર નારણપુરા) એ તા.૧૯/૦૪/૨૦૨૧ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૪/૨૦૨૧ બપોરના ૩/૦૦ થી તા.૧૯/૦૪/૨૦૨૧ કલાક ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન નારણપુરા શાસ્ત્રીનગર ૧૩૨ ફુટ રીંગ રોડ એવરબેલા ટેનામેન્ટ ખાતે પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના, સોનાના સિક્કા અને રોકડ રૂપિયા ૪૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૮૫,૪૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસા પો.સ.ઇ.શ્રી ડી.કે.જાડેજા ચલાવે છે.

**બેગ ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૭૧૨/૨૦૨૧**

**કૃષ્ણનગરઃ** પ્રતિકભાઈ પ્રહલાદભાઈ પટેલ (ઉ.વ.૩૩)(રહે. સ્પર્શ રેસિડેન્સી નાના ચિલોડા રીંગ રોડ નરોડા) તા.૧૯/૦૪/૨૦૨૧ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે જી.ડી.ચાર રસ્તા હાઈસ્કુલ નજીકથી એકટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક ઓટો રીક્ષા ચાલકે પ્રતિકભાઇની એકટીવાને ટક્કર મારી પ્રતિકભાઈને અટકાવી રિક્ષા ચાલકની મદદગારીથી રિક્ષામાં બેઠેલ અન્ય બે પુરૂષ પ્રતિકભાઈના એકટીવાના આગળના ભાગે મુકેલ બેગ ઝુટવી લઈ નાસી ગયા હતા. જે બેગમાં રોકડ રૂપિયા ૪,૮૫,૧૦૦/- હતા. આ અંગેની ફરીયાદ પ્રતિકભાઇ પટેલે કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.ગોહીલ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૭૧૩/૨૦૨૧**

**નારોલઃ** પરેશભાઇ ઓમપ્રકાશ ભાવસાર (રહે.કૃષ્ણકુંજ સોસાયટી ગોવિંદવાડી ઇસનપુર) એ તા.૧૯/૦૪/૨૦૨૧ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે નારોલ મટનગલી રામદેવ એસ્ટેટ ગોડાઉન નં-૩૬ “નામદેવ હેન્ડીક્રાફ્ટ” નામની પરેશભાઇની ઓફીસમાં કારીગર તરીકે કામ કરતો આરોપી બાદલસિંહ શિવમંગલસિંહ સિંગ (રહે. મુળ વતન ગામ-દેવકીપુર્વા, તા-બનીપારા મહારાજ જી.કાનપુર દેહાત ઉત્તરપ્રદેશ) તા.૨૧/૦૩/૨૦૨૧ સાજના ૭/૦૦ થી તા.૨૨/૦૩/૨૦૨૧ કલાક ૮/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઓફીસની તીજોરીમાંથી રોકડ રૂપિયા ૨,૫૦,૦૦૦/- ચોરી કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જી.બ્રીદ ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૭૧૪/૨૦૨૧**

**ઓઢવઃ** ચંપાબહેન રવજીભાઇ પટેલ (ઉ.વ.૭૦)(રહે. સુવ્રતસ્વામિ પાર્ક સોસાયટી ગુજરાતી શાળા નં-૦૧ પાસે અંબિકાનગર ઓઢવ) તા.૧૯/૦૪/૨૦૨૧ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે મંદીર નજીક ઉભા રહી સેનીટાઇઝર લગાવવા બોટલનુ ઢાંકણ ખોલતા હતા ત્યારે અચાનક ઢાકણ ખુલી જતા મંદિરમાં સળગતા દિવા ઉપર અને ચંપાબહેન ઉપર પડતા ભડકો થતા ચંપાબહેન દાઝી ગયા હતા. સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સાજના ૫/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.કે.મકવાણા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૭૧૫/૨૦૨૧**

**ગોમતીપુરઃ** જેકીભાઈ નાથુસિંહ રાજપુત (રહે.રાજપુર-ગોમતીપુર પોસ્ટ ઓફિસ પાસે મનસુરીની ખાડાવાળી ચાલી) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૪/૨૦૨૧ સવારના ૧૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અનોપસિહ કિશોરસિહ ચલાવે છે.

**રામોલઃ** પીયુષભાઇ પ્રહલાદભાઇ પટેલ (ઉ.વ.૪૭) (રહે. સત્યનારાયણ હિલ વસ્ત્રાલ બ્રહ્માણી ફુટવેર નામની દુકાનમાં) એ બિમારીથી કંટાળી તા.૧૯/૦૪/૨૧ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે રામોલ બ્રહ્માણી ફુટવેર નામની દુકાનમાં પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કલ્પેશકુમાર મોહનભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી